# ભારતમાં શિક્ષણની નીતિ ૨૦૨૦ અને શિક્ષણનો અધિકાર-એક સમીક્ષાત્મક અભ્યાસ

રેણુકાબેન ચૌધરી

## ૧. પ્રસ્તાવના

એકવીસમી સદીના જ્ઞાનના પડકારોને ધ્યાનમાં રાખીને ભારત સરકારે જ્ઞાન આધારિત એક મજબૂત રાષ્ટ્ર બનાવવાની અને તેને વૈશ્વિક મહાસત્તા તરીકે સ્થાપિત કરવાની દિશામાં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ જાહેર કરી એક ઐતિહાસિક અને ક્રાંતિકારી પગલું ભર્યું છે. હકીકતમાં, ભારતમાં ઘણા લાંબા સમયથી આ શિક્ષણ નીતિની જરૂર હતી. દેશમાં એક એવી શિક્ષણનીતિ હોવી જોઈએ જે વિદ્યાર્થીને શારીરિક, માનસિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક રીતે વિકસિત અને કુશળતાથી બનાવી શકે. આ ઉપરાંત જેમાં જીવંત ભારતીય સંસ્કૃતિનું દર્શન રજૂ થાય. એક એવી શિક્ષણનીતિ હોય જેમાં ભારતની વૈવિધ્ય સભર ભાષાઓનું જ્ઞાન અને દર્શન વિદ્યાર્થી સુધી પહોચે.

## ૨. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સમીક્ષા

આ શિક્ષણ નીતિમાં એક મહત્વ પૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે કે ઓછામાં ઓછા પાંચ ધોરણ સુધી વિદ્યાર્થીને માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. એટલું જ નહીં ધોરણ આઠ અને એનાથી આગળ પણ ભારતીય ભાષાઓમાં શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ત્રિભાષા ફોર્મ્યુલા અંતર્ગત દેવભાષા સંસ્કૃત અને અન્ય પારંપારિક ભાષાઓને વિકલ્પ તરીકે પસંદ કરવાનું પ્રવધાન રાખવામાં આવ્યું છે.

બાળ અવસ્થામાં બાળકના માનસિક વિકાસની ગતિ તીવ્ર હોય છે. એમાં જો માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે તો બાળકની અંદર ચિંતન, સ્મરણ, નિર્ણય જેવાની ક્ષમતા જેવી વૃત્તિઓનો સહજ વિકાસ થાય છે. ભાષા અભિવ્યક્તિનું માધ્યમ તો છે જ સાથે સાથે સંસ્કૃતિની વાહક છે. માતૃભાષામાં અભ્યાસ કરવાથી કરવાથી બાળકના મનમાં નાનપણથી પોતાની ભાષા પ્રત્યે સ્નેહ અને આત્મીયતાનો ભાવ જાગશે. વિદ્યાર્થીઓમાં ગૌરવની ભાવના હશે તો તેમની માતૃભાષામાં સારી રીતે નિપુણ થશે અને ભારતીય સંસ્કૃતિના મજબૂત વાહક બનશે. માતૃભાષામાં લીધેલું જ્ઞાન વિદ્યાર્થીના મષ્ટિષ્ક કે તરત સ્વીકાર્ય બને છે અને એની અમીટ છાપ પડે છે. પોતાની ભાષા જ બધી ઉન્નતિનો મૂલાધાર છે. જેમકે ભારતેન્દુ હરિશ્ચંદ્રએ કહ્યું હતું ‘નિજ ભાષા ઉન્નતિ હૈ, સબ ઉન્નતિ કો મૂલ’.

ભારતીય બંધારણની કલમ ૩૫૦ (અ) અનુસાર એ પ્રાવધાન છે કે દરેક રાજ્ય પ્રયાસ કરે કે ભાષીય લઘુમતી જૂથને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મળે. શિક્ષણ અધિકાર અધિનિયમની કલમ ૨૯(૨) મુજબ શૈક્ષણિક સંસ્થાઓ પાસે આપેક્ષા રાખવામાં આવે છે કે શક્ય હોય ત્યાં સુધી બાળકને એની માતૃભાષામાં શિક્ષણ પ્રદાન કરે. એટલે કે રાજ્ય સરકારો શાળાઓમાં શિક્ષણની ભાષા નક્કી કરવા માટે સ્વતંત્ર છે. પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી પ્રોફેસર યશપાલના નેતૃત્વ હેઠળ બનાવવામાં આવેલ વિદ્યાલય શિક્ષણ માટે અત્યાર સુધીનો નવીનતમ દસ્તાવેજ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક

૨૦૦૫" ના વિભાગ ૩.૧.૧ મુજબ શાળાઓમાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ, કારણ કે વિદ્યાર્થીઓ માતૃભાષામાં જ તેમના ઘર, સામાજિક વાતાવરણની પ્રવૃત્તિઓ શીખે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૧૯૬૮ની કલમ ૪(૩) મુજબ પણ શિક્ષણના સ્તરમાં સુધારો કરવા અને તેમજ જ્ઞાનના વિસ્તરણ માટે ભારતીય ભાષાઓ અને સાહિત્યને મજબૂત રીતે વિકસિત કરવામાં આવે. યુનેસ્કોના ૨૦૦૩ના રિપોર્ટ 'બહુભાષી વિશ્વમાં શિક્ષણ'ના દિશા નિર્દેશ પ્રમાણે માતૃભાષામાં શિક્ષણ આપવાથી શિક્ષણના સ્તરમાં સારો ફર્ક પડે છે અને જ્ઞાન તથા અનુભવમાં વૃદ્ધિમાં મદદ થાય છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, ઉપરોક્ત જોગવાઈઓના મુખ્ય ભાગને શામેલ કરીને સાચા અર્થમાં ભારતીય ભાષાઓને પ્રસ્થાપિત કરવાથી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણમાં બહુભાષાવાદને પ્રોત્સાહન મળશે. જેનાથી શાળાઓ તથા ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં માતૃભાષામાં વાંચન-મનન પ્રોત્સાહન મળશે. ત્રિભાષીય સૂત્ર હેઠળ કેન્દ્ર અને રાજય સરકારોની એ જવાબદાર રહેશે કે તે ગુણવત્તાયુક્ત ભાષા શિક્ષકો તૈયાર કરે. આપણે આઝાદી પછીના સમયની વાત કરીએ તો આપણી માનસિક ગુલામી જ પ્રદેશિક ભાષાઓના વિકાસમાં બાધક રહી છે. વૈદિક કાળથી લઈને ૧૯મી સદીના મધ્ય સુધી ભારતમાં શિક્ષણ માટે ગુરુકુલની વ્યવસ્થા હતી અને શિક્ષણનું માધ્યમ સંસ્કૃત અને પ્રાદેશિક ભારતીય ભાષાઓ હતી. પ્રાચીન સમયમાં, ભારતીય શિક્ષણ પ્રણાલી ભારતીય ભાષાઓની તાકાત પર એટલી મજબૂત હતી કે ભારત વિશ્વ ગુરુ હતું. વિશ્વના પ્રાચીન મહાન વિશ્વવિદ્યાલયો તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, વલ્લભી ભારતમાં હતા. જ્યાં જ્ઞાન, વિજ્ઞાન , કલા, દર્શન, ધર્મ, વગેરે સંસ્કૃત અને અન્ય ભારતીય ભાષાઓમાં શીખવવામાં આવતા હતા. વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ સંસ્કૃત ભાષામાં છે. આપણા વેદ ઉપનિષદની ભાષા પણ સંસ્કૃત છે. જ્ઞાન, વિજ્ઞાન, તકનીકી સામગ્રી પૌરાણિક સમયમાં અન્ય ક્યાય જોવામાં નથી આવતી. પ્રાચીન કાળથી જ ભારતીય ઋષિઓ, દાર્શનિકો, વૈજ્ઞાનિકોએ આ ભારતભૂમિમાં સંસ્કૃત ભાષામાં જ જ્ઞાન, વિજ્ઞાન, કળા, સાહિત્યના વિભિન્ન ગ્રંથોની રચના કરી છે. જેણે સમગ્ર વિશ્વને દિશા આપી હતી. પરમાણુ શસ્ત્રના જનક મહર્ષિ કણાદ, આયુર્વેદ ગ્રંથના 'સુશ્રુત સંહિતા'ના રચીયાતા મહર્ષિ સુશ્રુત, રસાયણશાસ્ત્રના આચાર્ય નાગાર્જુન, યોગીક દર્શનના સ્થાપક મહર્ષિ પતંજલિ, 'આર્યભટ્ટીયમ'ના રચિયતા આર્યભટ્ તથા વરાહમિહિર, ભાસ્કરાચાર્ય વગેરેએ સંસ્કૃત ભાષામાં પોતાનાં ગ્રંથોની રચના કરી ભારતમાંથી જ આખા વિશ્વમાં જ્ઞાન-વિજ્ઞાનને પ્રતિષ્ઠિત કર્યું હતું. .

સંસ્કૃત ભાષાની શક્તિ તેમજ તેની વૈજ્ઞાનિકતા જોઈ ડો. બાબાસાહેબ આંબેડકર તેને રાષ્ટ્રીય ભાષા બનાવવાની તરફેણમાં હતા. સંસ્કૃત ભાષા ઘણી બધી ભારતીય ભાષાઓની માતા છે. તે સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક છે અને તકનીકી દૃષ્ટિકોણથી સક્ષમ ભાષા છે. તમિળ ભાષાના લગભગ ૪૨ ટકા શબ્દો મૂળ સંસ્કૃતના છે. ભારતભરમાં સંસ્કૃતના અધ્યયનથી ભારતીય ભાષાઓમાં એકરૂપતા આવશે એટલું જ નહીં ઉત્તર-દક્ષિણનો ભાષાકીય ભેદ પણ ભૂંસાઈ જશે અને ભારતીય એકતા મજબૂત થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ ત્રિભાષીય સૂત્ર હેઠળ વિદ્યાર્થીઓ ભારતીય ભાષાઓ અને સંસ્કૃત ભાષમાં પ્રવીણતા મેળવી શકશે.

આજે વિદ્યાર્થીઓને ભારતીય ભાષાઓ લખવા અને બોલવામાં નિપુણ બનવાની જરૂર છે. વિશ્વના વિકસિત દેશો અમેરિકા, બ્રિટન, જર્મની, જાપાન, ઈઝરાઈલ, ફ્રાંસ વગેરેની પોતાની બોલચાલની જે ભાષા છે એ જ તેમની ગણિત તેમજ વિજ્ઞાન જેવા વિષયોની અભ્યાસ ભાષા છે. એજ એમની વ્યવસાયની ભાષા છે. આ દેશોમાં તેઓ તેમની

પોતાની ભાષામાં અભ્યાસ કરાવે છે. આપણે ભારતની ગૌરવપૂર્ણ પરંપરાને યાદ કરી સમજવું પડશે કે ભારતીય ભાષાઓ ભારતની અસ્મિતાની ઓળખ છે, જે વિવિધતામાં એકતાનું દર્શન કરાવે છે. ભારતીય ભાષાઓ દેશના વહીવટ, વૈજ્ઞાનિક, તકનીકી, વ્યાપારી, વગેરે ક્ષેત્રોની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સંપૂર્ણ રીતે સક્ષમ છે. ભારત અને વિશ્વમાં ફેલાયેલા જ્ઞાનને ભારતીય ભાષાઓના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી લાવવાની જરૂર છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ભારતીય ભાષાઓમાં પારંગત યુવાનોના સર્જન માટે સ્પષ્ટ સમજણ સાથે પ્રબળ ઈચ્છાશક્તિ અને નિશ્ચયની બતાવે છે. પોતાની માતૃભાષામાં જુદી જુદી વિદ્યાઓના અધ્યયનથી શિક્ષણમાં શ્રેષ્ઠતા આવશે તેમજ એવી યુવા પેઢીનું નિર્માણ થશે જે પૂર્ણ રૂપે ભારતીય મૂલ્યો અને પરંપરાઓને સમર્પિત હોય. આ ઉપરાંત આપણા સમાજની જરૂરિયાતો અનુસાર, સક્ષમ, કુશળ ઉદ્યોગસાહસિક યુવાનોનું નિર્માણ કરવાનું શક્ય બનશે, જે સમાજના જુદા જુદા ક્ષેત્રોનું નેતૃત્વ કરી શકશે અને ભારતની ગૌરવપૂર્ણ સંસ્કૃતિનો વાહક બનશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦થી આવા ઉત્તમ યુવાનોના નિર્માણ સાથે સક્ષમ, મજબૂત અને આત્મનિર્ભર ભારત બનાવવાની કલ્પના ચોક્કસપણે સાકાર થશે.

### ૩. શિક્ષણનો અધિકાર (RTE)

સ્વતંત્ર ભારતના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ ૪૫ મુજબ આપણે એ પ્રકારના પ્રયાસો કરવાના હતા જેથી ૬ થી ૧૪ વર્ષણી વયજૂથના તમામ બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મળી રહે. વર્ષ ૧૯૮૬ની નવી શિક્ષણનીતિ અને ત્યારબાદ જીલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (DPEP) જેવી મહત્વકાંક્ષી યોજનાઓએ આપણા સૌના પ્રયાસોને વેગ આપવામાં મદદ કરી.જુદી જુદી યોજનાઓની સફળતા બાદ સમગ્ર દેશમાં ૨૦૦૧થી સર્વ શિક્ષા અભિયાન મિશન અમલમાં આવ્યું. અગાઉની યોજનાઓ કેટલાંક મર્યાદિત વિસ્તારો સુંધી સીમિત હતી જયારે સર્વ શિક્ષા અભિયાનનો અમલ દેશ વ્યાપી અને સાર્વત્રિક રીતે થવાથી વધુ ઝડપી અને અસરકારક રીતે કાર્ય કરી શકાયું. આ યોજનાઓ અને કાર્યક્રમોના અમલ દરમિયાન એવું લાગ્યું કે પ્રાથમિક શિક્ષણને બાળકોનો મૂળભૂત અધિકાર ગણવામાં આવે તો રાજ્ય સરકારથી શાળા અને સમુદાય સ્તરની તમામ સરકારી સંસ્થાઓ ઉપરાંત નાગરિક સમાજની સ્થાપનાઓ પણ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકકરણ માટે વધુ સક્રિય બનાવી શકાય.

આમ બાળકના પ્રાથમિક શિક્ષણ માટે સામુહિક પ્રયાસ થાય અને જે તે કક્ષાએ જવાબદારી પણ સુનિશ્ચિત થાય એ માટે બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ સંસદ દ્વારા બનાવ્યો. આ કાયદો એટલે કે RTE (રાઈટ ટુ એજ્યુકેશન) ૨૦૦૯ અથવા "શિક્ષણના અધિકાર તરીકે ઓળખવામાં આવે છે. શિક્ષણના અધિકાર કાયદા અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે કેટલીક મહત્વણી જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓને આધારે રાજ્ય સરકારે કેટલાંક અગત્યના ઠરાવો કર્યા છે. કોઈ વ્યકિત કોઈ ગુનાહિત કૃત્ય કર્યા પછી કોર્ટમાં પોતાની જાતને નિર્દોષ ઠેરવવા એમ ન કહી શકે કે મને કાયદાની જાણ નહોતી કે ચોરી કરવી કે ખુન કરવાથી સજા પાત્ર ગુનો બને છે, જો એમ કહે તો પણ કોર્ટ એ વાતનો સ્વીકાર ન જ કરે કારણ ૧૮ વર્ષથી મોટી ઉંમરના નાગરિકે ભારતનું બંધારણ જાતે જ અભ્યાસ કરવો રહ્યો અથવાતો જાણે જ છે એમ માનવું રહ્યું. જેમ ભારતના નાગરિક તરીકે ભારતનું બંધારણ તેમજ કાનૂની, કાયદાઓ, આપણા હક્કો અને ફરજો જાણવા ૧૮ વર્ષથી મોટી વ્યક્તિની પોતીકી ફરજ છે તે રીતે શિક્ષક તરીકે RTE ૨૦૦૯ અને તે અંતર્ગત શિક્ષણમાં થયેલ ફેરફારો જાણવા પણ શિક્ષકની પોતીકી ફરજ બની રહે છે. શિક્ષણના અધિકાર કાયદા અંતર્ગત પ્રાથમિક શિક્ષણ માટે કેટલીક મહત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓને આધારે રાજ્ય સરકારે કેટલાંક અગત્યના ઠરાવો કાર્ય છે. આ ઠરાવો પર એક નજર નાખીએ તો.

- શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતા સુંધીમાં કોઈ પણ ધોરણમાં રોકી કે કાઢી મૂકી શકાશે નહિ.
- શાળા બહારના બાળકોને શાળામાં પ્રવેશ અપાવવો. સર્વ શિક્ષ અભિયાન મિશન દ્વારા શાળા બહારના બાળકો માટે ચલાવાતી કોઈ યોજનાનો લાભ અપાવવો.
- કોઈ પણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકશે નહિ.
- કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિ કરી શકશે નહિ.
- કોઈ પણ શાળા અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈ પણ પ્રકારની કેપિટેશન ફી વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના વાલીને તપાસ કે ઇન્ટરવ્યુ માંથી પસાર કરશે નહિ.
- શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ ૧ થી ૫ માટે કામકાજના ૨૦૦ દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૮૦૦ કલાક શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે.
- શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ ૬ થી ૮ માટે કામકાજના ૨૨૦ દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૧૦૦૦ કલાકનું શૈક્ષણિકકાર્ય કરવાનું રહેશે.

## ૪. શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની મુખ્ય બાબતો

- શિક્ષણનો અધિકાર અધિનિયમ, એવું સૂચવે છે કે, દરેક બાળકને નજીકની શાળામાં મફત અને ફરજીયાત પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરવાનો અધિકાર છે.
- "ફરજીયાત" શિક્ષણ એટલે, ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને શાળામાં દાખલ કરાવવા, તેનું સ્થાયીકરણ અને પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરાવવાની જવાબદારી સરકારની રહે છે. "મફત" એટલે, કોઈપણ બાળક પાસે પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે તેઓની પાસેથી કોઈપણ પ્રકારનો ખર્ચ, ફી કે અન્ય રૂપે ચાર્જ વસુલવામા આવશે નહિ, આ શિક્ષણ સંપૂર્ણપણે મફત આપવામા આવશે.
- શાળા બહારના બાળકોને તેમની વયકક્ષા અનુસારના વર્ગમાં દાખલ કરાવવા
- આ નિયમ દ્વારા સરકારની, સ્થાનિક સત્તાતંત્રની અને વાલીની; મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમના અમલીકરણ માટેની ફરજો અને જવાબદારીઓ અંગે રજૂઆત કરે છે ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચેની નાણાકીય જવાબદારીઓ અંગે પણ સ્પષ્ટતા કરે છે.
- વિદ્યાર્થી-શિક્ષક વચ્ચેનો ગુણોત્તર નક્કી કરવા અંગેના ધોરણ, શાળામાં જરૂરી ભૌતિકસુવિધા, શાળાના કામના કલાકો અને શિક્ષકના કામના કલાકો વિષે માર્ગદર્શન પૂરું પડે છે.
- માત્ર રાજ્ય અથવા જીલ્લા કે બ્લોકના સરેરાશ વિદ્યાર્થી-શિક્ષકના ગુણોત્તરની જાળવણી દ્વારા સંતોષ માનવાને બદલે દરેક શાળામાં વિદ્યાર્થી-શિક્ષકના ગુણોત્તરની ઉચિત જાળવણી દ્વારા શહેરી અને ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોની જગ્યાઓ ભરવામાં કોઈ વિસંગતતા ન ઉભી થાય અને કોઈ એક જગ્યા ઉપર શિક્ષકોની જમાવટ ન થાય તે અંગે સુચવી જાય છે
- શિક્ષકોને દસ વર્ષે થતી વસ્તી ગણતરી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વિધાનસભા અને લોકસભાના ચુંટણી કાર્યો અને કુદરતી હોનારત સિવાયના અન્ય કાર્યોની સોંપાણી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
- શિક્ષકોની નિયુક્તિ સમયે યોગ્ય તાલીમ મેળવેલ શિક્ષકોને જ લેવા પર ભાર મુકવામાં આવેલ છે; જેમકે શિક્ષક પાસે યોગ્ય શૈક્ષણિક લાયકાત હોવી જોઈએ.
- શિક્ષણનો અધિકાર અધિનિયમ જે બાબતો પર પ્રતિબંધ મૂકે છે તેમાં મુખ્યત્વે – કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકશે નહિ, કોઈપણ શાળા અથવા વ્યક્તિ શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈપણ પ્રકારની કેપિટેશન ફી વસુલ કરશે નહિ, શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-

પિતા /વાલીને તપાસ કે ઈન્ટરવ્યુમાંથી પસાર કરશે નહિ, કોઈપણ શિક્ષક ખાનગી શિક્ષણ (ટ્યુશન) અથવા ખાનગી શિક્ષણ (ટ્યુશન)ની પ્રવૃત્તિ કરી શકશે નહિ, કોઈપણ શાળા સરકારશ્રીની માન્યતા વિના ચાલી શકશે નહિ.

- બંધારણમાં સ્થાપિત થઇ ગયેલા મૂલ્યોને ધ્યાનમાં રાખી બાળકકેન્દ્રી અભ્યાસક્રમનું નિર્માણ કરવું જોઈએ; જેથી બાળક તનાવમુક્ત વાતાવરણમાં ભણી શકે; અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જેથી કરીને તેનો સર્વગ્રાહી વિકાસ થઇ શકે, બાળકના જ્ઞાન આધારિત હોવો જોઈએ તેમજ બાળકમાં રહેલ શક્તિ અને પ્રતિભાને વધારે સારી રીતે ખીલવી શકાય તે રીતે બનાવવો જોઈએ જેથી કરીને બાળકોને ભણવાનું ભાર રૂપ ન લાગતાં તેમાંથી તેઓને આનંદ મળવો જોઈએ.

**સંદર્ભસૂચી**

1. Final Draft of National Education Policy 2020, MHRD, Govt of India
2. RTE 2009 Policy Document